# <u>મેડીસીન વિદ્યાશાખા</u>

**<u>શરતોઃ–</u>**

૧. યુનિ.એ નિયત કરેલ લાયકાત ધરાવતા આચાર્યની નિમણૂંક કરવામાં આવે.

૨. યુનિ.એ નિયત કરેલ લાયકાત ધરાવતા ગ્રંથપાલની નિમણૂંક કરવામાં આવે.

૩. એમ.સી.આઈ.ના નિયમાનુસાર શૈક્ષણિક સ્ટાફની નિમણૂંક કરવામાં આવે.

૪. એમ.સી.આઈ.ના નિયમાનુસાર બિન શૈક્ષણિક સ્ટાફની નિમણૂંક કરવામાં આવે.

૫. એમ.સી.આઈ.ના અભ્યાસક્રમ અનુસાર ગ્રંથાલયમાં રૂા.૧,૦૦,૦૦૦/–ના પુસ્તકો વસાવવા અને વિષયદીઠ ફાળવણી કરવી.

૬. કોલેજના મકાનમાં નીચે મુજબની ભૌતિક સુવિધાઓ કરવામાં આવે.
૧.વિદ્યાર્થી દીઠ ૮ ચો. ફૂટ લેખે ક્ષેત્રફળવાળા જરૂરી અભ્યાસ ખંડો
૨.આચાર્યશ્રી માટેનો (ટોઈલેટની સગવડ સાથેનો)અલગ ખંડ ટેલીફોન, કોમ્પ્યુટર, ફેકસ, પ્રિન્ટર સાથે
૩.ઓફિસ માટે જરૂરી ફર્નિચર અને અન્ય સુવિધાઓ સહિતનો ખંડ
૪.શિક્ષકો માટેનો (ટોઈલેટની સગવડ સાથેનો) ખંડ
૫.વિદ્યાર્થીઓ અને શૈક્ષણિક સ્ટાફ એકીસાથે બેસીને વાંચી શકે તેવો પુસ્તકો તથા વાંચનખંડ સહિતનો ખંડ
૬.વિદ્યાર્થિનીઓ માટે (ટોઈલેટની સગવડ સાથેનો) સ્વતંત્ર ખંડ
૭.પીવાના પાણી માટેનો ખંડ.
૮.શૌચાલય વગેરેની પર્યાપ્ત સુવિધા
૯.ટયુટોરીયલ માટેનો જરૂરી ખંડ
૧૦.વિદ્યાર્થીઓ માટે (ટોઈલેટની સગવડ સાથેનો) ખંડ

૭. કોલેજના આચાર્યશ્રી માટે કોલેજની નજીક યુનિવર્સિટીના ધારાધોરણ અનુસારની સુવિધાઓ સહીતના ભાડામુકત નિવાસસ્થાનની વ્યવસ્થા કરવામાં આવે.

૮. વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે.

૯. છાત્રાલયના ગૃહપતિ માટે છાત્રાલયના વિસ્તારમાં ભાડામુકત નિવાસસ્થાનની વ્યવસ્થા કરવામાં આવે.

૧૦. કોલેજના આચાર્યશ્રીઓને મંડળની સંચાલક સમિતિ પર હોદ્દાગત સભ્ય બનાવવામાં આવે.

૧૧. યુનિવર્સિટીના ધારાધોરણ અને સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો પ્રમાણે દરકે શિક્ષક અને બિનશિક્ષક કર્મચારીઓને સમયસર પગાર અને અન્ય ભથ્થા બેંક મારફતે ચૂકવવામાં આવે.

૧૨. યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ સ્ટાફની ભરતી કરવા માટે સરકારશ્રીની જે કંઈ મંજૂરી લેવાની આવશ્યકતા હોય તે મેળવવાની જવાબદારી કોલેજ/સંચાલક મંડળની રહેશે.

૧૩. સરકારશ્રીના ધારાધોરણ મુજબ અનામત અને રોસ્ટર પધ્ધતિના નિયમોનું પાલન કરવાનું રહેશે.

૧૪. યુનિવર્સિટી સૂચવે તે રીતે પેન્શન, પ્રો.ફંડ તથા ગ્રેજયુઈટી માટે જોગવાઈ કરવાની રહેશે.

૧૫. શિક્ષક અને બિનશિક્ષક વર્ગના કર્મચારીઓ માટે પેન્શન,ગ્રેજયુઈટી ફંડ ઉભું કરવામાં આવે.

<u>નવી કોલેજના જોડાણ માટે રાજય સરકારની માર્ગદર્શિકા પ્રમાણેની વધારાની શરતોઃ</u>

૧૬. ડીપોઝીટ અંગેની શરતઃ

(૧) રાજય સરકારના ઠરાવ પ્રમાણેઃ

૧. પોતાનું સ્વતંત્ર મકાન ન ધરાવનાર કોલેજે પાંચ વર્ષમાં પોતાનું મકાન બનાવી દેવાનું રહેશે. આ માટે સંચાલક મંડળે યુનિવર્સિટીમાં રૂપિયા બાર લાખની ડીપોઝીટ યુનિવર્સિટીના કુલસચિવ અને સંસ્થાના સંયુકત નામે છ વર્ષ માટે રાષ્ટ્રીયકૃત બેંકમાં મૂકવાની રહેશે.મકાન બનાવનાર સંસ્થાએ પાંચ વર્ષ બાદ નિયમાનુસાર દંડ યુનિ.ને ભરવાનો રહેશે.

૨. કોલેજના કર્મચારીઓના પગાર–ભથ્થા માટે અનામત ફંડ તરીકે યુનિવર્સિટીના કુલસચિવ અને સંસ્થાના સંયુકત નામે રૂપિયા બે લાખ ડીપોઝીટ તરીકે છ વર્ષ માટે રાષ્ટ્રીયકૃત બેંકમા મૂકવાના રહેશે. જે યુનિ.ની પરવાનગી વિના ઉપાડી શકાશે નહી તથા પાકતી મુદતે વ્યાજ સહીત તે રીન્યુ કરવાની રહેશે.

૧૭. ઉપર્યુકત ડીપોઝીટ પૈકી જે તે હેતુ કે શરતનું સંસ્થા ધ્વારા નિયત સમય–મર્યાદામાં પાલન કરવામાં નહિ આવે તો જે તે હેતુસરની ડીપોઝીટ યુનિવર્સિટી ધ્વારા જપ્ત કરવામાં આવશે.

૧૮. જે તે અભ્યાસક્રમ માટેનું રાજય સરકારશ્રીનું "ના વાંધા પ્રમાણપત્ર" કે "સૈધ્ધાંતિક પૂર્વમંજૂરી" મેળવવાની જવાબદારી સંચાલક મંડળની રહેશે.

૧૯. રાજય સરકારશ્રીની સૈધ્ધાંતિક પૂર્વમંજરી વિના સંસ્થા વિદ્યાર્થી પ્રવેશ આપી શકશે નહી અને છતાં આપવામાં આવશે તો તે ગેરકાયદેસર પ્રવેશ ગણાશે અને તે માટેની સઘળી જવાબદારી સંસ્થાની રહેશે.

૨૦. નવી કોલેજના જોડાણ માટે રાજય સરકારશ્રીના તા.૨૧–૧૨–૨૦૦૧ના ઠરાવ ક્રમાંકઃયજન/૧૦૨૦૦૧/(૨૮)/ખ–૧માં નમૂના–ક પ્રમાણેનું રૂા.૫૦–૦૦ ના સ્ટેમ્પ પેપર પર ડીડ ઓફ ડેકલેરશન યાને એકરારનામું ફર્સ્ટ કલાસ મેજીસ્ટ્રેટ સમક્ષ અથવા નોટરી સમક્ષ કરી મૂકવામાં આવેલ વિવિધ ફિકસ્ડ ડીપોઝીટની રસીદોની નકલ સહીત રજૂ કરવાની રહેશે.

૨૧. યુનિવર્સિટીના વખતોવખતના નિયમો તથા સૂચનાઓનું સંસ્થાએ/કોલેજે ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે અને યુનવર્સિટીના આવા વખતોવખતના નિયમો સંસ્થા/કોલેજને બંધનકર્તા રહેશે.

૨૨. મંડળ/ટ્રસ્ટે શરૂ કરવા ધારેલ વિદ્યાશાખા દીઠ રૂપિયા ૬,૦૦,૦૦૦/–(છ લાખ પૂરા)ની છ વર્ષ માટે યુનિવર્સિટીના કુલસચિવશ્રી અને મંડળના સંયુકતનામે રાષ્ટ્રીયકૃત બેંકમાં મૂકવાની રહેશે. જે પાકતી મુદતે વ્યાજસહીત રીન્યુ કરાવવાની રહેશે.

૨૩. સંસ્થાએ પોતાની આર્થિક સધ્ધરતા માટે રૂા.૨૫,૦૦,૦૦૦/–(પચ્ચીસ લાખ પૂરા)ની રકમ રોકડમાં,બેંક બેલેન્સ કે ડીપોઝીટ રૂપે તથા રૂા.૨૫,૦૦,૦૦૦/–(પચ્ચીસ લાખ પૂરા)ની સ્થાયી અસ્કયામતો ટ્રસ્ટ/મંડળના નામે હોવાના આધારો યુનિવર્સિટીને રજૂ કરવામાં આવે.

૨૪. ડિપોઝીટની શરત અન્વયેની મિલ્કતો ઋણમુકત હોવા બાબતનું માન.ચેરીટી કમિશ્નરશ્રીનું પ્રમાણપત્ર યુનિવર્સિટીમાં રજૂ કરવું.

૨૫. કોલેજ શરૂ કરતા પહેલાં મંડળ પાસે રૂા.૫,૦૦,૦૦૦(પાંચ લાખ પૂરા)નું વર્કીંગ ફંડ હોવાના આધારો યુનિ.માં રજૂ કરવાના રહેશે.

૨૬. ખાસ (કાયદાકીય) ફી તરીકે યુનિવર્સિટીના આકસ્મિક ભંડોળ માં પ્રતિ વર્ષ રૂા.૪૦૦૦/– (ચાર હજાર) યુનિવર્સિટીમાં જમા કરાવવામાં આવે.

૨૭. કોલેજના તમામ સ્ટાફના પગાર બીલના ૨૦% રકમ સ્ટાફના નિવૃત્તિના લાભો માટે યુનિવર્સિટી સૂચવે તે નિધીમાં નિયમિત પણે જમા કરાવવામાં આવે.

૨૮. કોલેજમાં ઈમેઈલ /ઈન્ટરનેટની સગવડો ઉપલબ્ધ કરાવવામાં આવે.

૨૯. કોલેજમાં વિદ્યાર્થી પ્રવેશ માટે યુનિવર્સિટી અને રાજય સરકારશ્રીની અનામત નીતિને અનુસરવાની રહેશે.

૩૦. વર્ષ દરમ્યાન કોલેજમાં ખાલી રહેલ શૈક્ષણિક વર્ગની જગ્યાઓના તેટલા સમયના પગારની બચાવેલ રકમના ૧૨૫% રકમ યુનિવર્સિટી માં જમા કરાવવામાં આવે.

૩૧. યુનિવર્સિટી અને રાજય સરકારશ્રીના ધારા–ધોરણથી વધુ ફી વિદ્યાર્થીઓ પાસેથી ઉઘરાવી શકાશે નહિ.

૩૨. કોલેજના વિદ્યાર્થીઓ પાસેથી દર વર્ષે લેવામાં આવતી ટયુશન ફીમાંથી યુનિવર્સિટીના તા. ૨૯–૫–૦૩ ના પરીપત્ર નં.૧૦૯/૨૦૦૩ અન્વયેની નિયમાનુસારની વિદ્યાર્થી દીઠ, પ્રતિ વર્ષ પ્રમાણેની રકમ યુનિવર્સિટીમાં "વિકાસ ફંડ" ખાતે જમા કરાવવામાં આવે. આ માટે વિદ્યાર્થીઓ પાસેથી અલગથી કોઈ વધારાની રકમ ઉઘરાવી શકાશે નહિ.

૩૩. ઓછામાં ઓછા ૨૫૦ પુસ્તકો ખરીદવા. (એમ.સી.આઈ.ના નિયમાનુસર)

૩૪. ઓછામાં ઓછા ૨૦ સામયિકો ખરીદવા (એમ.સી.આઈ.ના નિયમાનુસર)

૩૫. એમ.સી.એ. તથા યુ.જી.સી.ના નિયમાનુસાર શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક કર્મચારીઓની ભરતી કરવાની રહેશે.

૩૬. એમ.બી.બી.એસ.ના વિષયોને લગતા (પ્રથમ વર્ષ) ના પુસ્તકો /સામયિકો વસાવવાના રહેશે.

૩૭. લાઈબ્રેરીયનની નિમણૂંક કરવી અને કોમ્પ્યુટરાઈઝેશન કરવું તથા વાઈ–ફાઈ સુવિધા ઉપલબ્ધ કરવી.